## રશિયામાં ક્રિપ્ટોને અમુક અંકુશો હેઠળ છૂટ અપાશે?

# બિટકોઈન ઉછળી ૪૫ હજાર ડોલર ઉપર ગયા પછી ઘટયાઃ યુએસમાં ફુગાવો વધતાં ૪૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

(વાણિજ્યપ્રતિનિધિ) મુંબઈ,તા.૧૦

ક્રિપ્ટો કરન્સી બજારમાં આજે બિટકોઈનનાભાવઉંચામાં૪૫હજારડોલર પાર કરી ગયા પછી નીચે ઉતર્યા હતા. બિટકોઈનનાભાવઆજેઉંચામાં૪૫૧૮૦ ડોલરતથા નીચામાં ભાવ૪૩૨૫૦ડોલર થઈ ૪૩૪૦૦ડોલર રહ્યા હતા. ૮૭૯થી ૮૮૦ મિલીયન ડોલરનું ટ્રેડિંગ આજે બિટકોઈનમાં થયું હતું તથા માર્કેટ કેપ ૮૨૨થી ૮૨૩ અબજ ડોલર રહ્યું હતું. રશિયામાં ક્રિપ્ટો કરન્સીઓ પર સંપૂર્ણ પ્રતિબંધના બદલે અંકુશાત્મક છૂટ આપવા વિચારણા થઈ રહ્યાના નિર્દેશો મળ્યા હતા. ભારતમાં જો કે રિઝર્વ બેન્કે ક્રિપ્ટો કરન્સીઓને અલ્પજીવી પરપોટા તરીકે ઓળખાવીછે. દરમિયાન, ક્રિપ્ટોવાયરનો ક્રિપ્ટો ઈન્ડેક્સ આઈસી-૧૫આજે૬૪૧૩૩ ખુલી ઉંચામાં ૬૬૦૪૭ તથા નીચામાં ૬૩૮૯૧ થઈ ૬૫૮૩૧ રહ્યોહતો. ક્રિપ્ટો કરન્સીઓનું કુલ માર્કેટ કેપ બે ટ્રીલીયન ડોલરને ફરી આંબી ગયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અમેરિકામાં ફુગાવો વધતાં ૪૦વર્ષનો રેકોર્ડ તૂટ્યાના સમાચાર હતા. દરમિયાન, મિડકેપ ક્રિપ્ટોમાં આજે ઈથેરના ભાવ ૩૧૦૩થી ૩૧૦૪ ડોલર રહ્યા હતા. દરમિયાન, બિટકોઈન પેમેન્ટ પ્રોવાઈડર ઓપનોડેમાં ટવીટર દ્વારા ફન્ડીંગ કરાશે એવા નિર્દેશો પણ વહેતા થયા હતા. કેનેડાના ક્રિપ્ટો પ્લેટફોર્મ ન્યુટોને ૨૦મિલીયન ડોલરનું ભંડોળ મેળવ્યાના સમાચાર હતા. દરમિયાન, સોલાનાના ભાવ આજે ૧૦૬.૯૦ડોલર, કારડનોના ૧.૧૫ ડોલર, એક્સઆરપીના ૮૪થી ૮૫ સેન્ટ, ડોજકોઈનના ૧૫થી ૧૬ સેન્ટ તથા શિબાઈનુના ૦.૦૦૦૦૩૧ ડોલર બોલાઈ રહ્યા હતા.



**આઈસી-૧૫ ઈન્ડેક્સમાં જોવા મળેલી બેતરફી ઉછાળકૂદ**